<u>**પોક્સો / ૮ / ૨૦૨૬**</u>

## <u>વધુ તપાસ કરનાર અધિકારી અને પોલીસ અધિક્ષકશ્રી વડોદરા ગ્રામ્ય તર્ફે વધુ તપાસનો રીપોર્ટ રજુ થયેલ છે તે નીચે હુકમ</u>

તપાસ કરનાર અધિકારીશ્રી સુશીલ અગ્રવાલ હાજર. પબ્લીક પ્ર ોસીકયુટરશ્રી અને જીલ્લા સરકારી વકીલશ્રી પી.બી.પંડયા, ભરૂચનો પોકાર કરાવતા હાજર નથી પરંતુ તેમના તર્ફે એપીપીસુશ્રી એન.એમ.મિસ્ત્રી હાજર હોવાનું સુશ્રી એન.એમ.મિસ્ત્રી જણાવે છે તેમજ એપીપીસુશ્રી જી.વી.વ્યાસ તથા આરોપીના વિ.વ.શ્રી એ.જે.સોની હાજર. આઈ/ઓ ઉપરોકત વધુ તપાસનો રીપોર્ટ રજુ કરે છે અને આઈ/ઓ તથા વિ.એપીપીસુશ્રી એન.એમ.મિસ્ત્રી આંક–૩૧ થી મુદત અરજી અલગથી રજુ કરે છે અને જણાવે છે કે, આજરોજ વધુ તપાસનો રીપોર્ટ આપેલ છે પરંતુ ડીએનએ રીપોર્ટ બાકી હોય વધુ રજુઆત કરવાની છે તેમ જણાવી આઈ/ઓ તથા વિ.એપીપીસુશ્રી એન.એમ.મિસ્ત્રી મુદત માંગે છે અને તેમને મુદત તારીખ : ૨૮/૦૭/૨૦૨૬ ની ડીએનએ રીપોર્ટ રજુ કરવા તથા સુનવણી માટે આપવામાં આવે છે. વધુ તપાસના રીપોર્ટની નકલ આરોપીને આપવી. વધુ તપાસનો રીપોર્ટમાં શ્રુ મી કરીને એપીપીસુશ્રી એન.એમ.મિસ્ત્રીએ સહી કરેલ છે તેમજ જાતીય ગુનાથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ : ૨૫(૨) ઘ્યાને લેતા વધુ તપાસનો રીપોર્ટ અને તેની સાથેના કાગળોની નકલ તપાસ કરનાર અધિકારીશ્રીએ ભોગબનનાર તથા તેના વાલીને આપવી અને અત્રેની કોર્ટને તેઓને આપ્યા બદલનો રીપોર્ટ કરવો.

ઉપરોકત વધુ તપાસનો રીપોર્ટ ચાર્જશીટ સાથે રાખવો અને તપાસ કરનાર અધિકારીશ્રી અને એપીપીસુશ્રી એન.એમ.મિસ્ત્રીએ આંક–૩૧ થી મુદત અરજી રજુ કરેલ હોય અને વધુ રજુઆત માટે પણ મુદતની વિનંતી કરેલ હોય અને આંક–૧૩ ની એપીપીસુશ્રી જી.વી.વ્યાસની વધુ તપાસની અરજી નીચે થયેલ હુકમ ઘ્યાને લેતા અને આઈ/ઓનો વધુ તપાસનો રીપોર્ટ ઘ્યાને લેતા અને ડીએનએ રીપોર્ટ આવવાનો બાકી હોય તેવી આઈ/ઓ તથા એપીપીસુશ્રી એન.એમ.મિસ્ત્રીની રજુઆત હોય અને સાથે વધુ રજુઆત માટે મુદત માંગતા હોય જેથી સાંભળવા માટે મુદત તારીખ : ૨૮/૦૭/૨૦૨૬ કલાક : ૧૧:૦૦ વાગ્યાની રાખવામાં આવે છે. આઈ/ઓ સુનવણી માટે મુદત તારીખ : ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ કલાક : ૧૧:૦૦ વાગે કોર્ટમાં હાજર રહેવા ઈચ્છતા હોય તો હાજર રહી શકે છે, વી.સી. થી હાજર રહેવા માંગતા હોય તો વી.સી. થી હાજર રહી

શકે છે. જો આઈ/ઓ ઈચ્છે તો તેમના તર્ફે પબ્લીક પ્રોસીકયુટરશ્રી અને જીલ્લા સરકારી વકીલશ્રી અથવા વિ.એપીપીશ્રી કે વિ.એપીપીસુશ્રી મારફતે સુનવણી કરી શકે છે.

આ હુકમની નકલ આઈ/ઓને તથા એપીપીસુશ્રી એન.એમ.મિસ્ત્રીને તથા એપીપીસુશ્રી જી.વી.વ્યાસને આપવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૭/૨૦૨૬ ના રોજ લખાવી, વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૭/૨૦૨૬

**(એચ.એચ.ગાંધી)**
ત્રીજા એડીશનલ સેસન્સ જજ,
**ભરૂચ.**
(કોડ નંબર : જી.જે.૦૦૬૫૯)